ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન
સ્કીમ અને સંત સુરદાસ યોજનામાં રાજ્ય
સરકાર દ્વારા અપાતી સહાયની રકમમાં
રૂ.૧૦૦/-નો વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક – અપગ/૧૦૨૦૧૩/૮૬૭૧૭૯/ન.બા.-૧૨ થી ૧૪/છ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૩૧/૭/૨૦૧૪.

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) આ વિભાગનો તા.૨૨/૯/૨૦૦૦નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૦/ન.બા.-૪/છ-૧

(૨) આ વિભાગનો તા.૨૦/૧૦/૨૦૦૬નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૬/ન.બા.-૮/છ-૧

(૩) આ વિભાગનો તા.૩૧/૭/૨૦૦૯નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧

(૪) આ વિભાગનો તા.૧૩/૮/૨૦૦૯નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/ ન.બા.-૯ થી ૧૪/છ-૧

(૫) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા.૮/૧૧/૨૦૧૨ ના પત્ર ક્ર- J/11015/1/2012/NSAP

(૬) આ વિભાગનો તા.૨૭/૮/૨૦૧૩નો ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧

**<u>ઠરાવ :-</u>**

૧/- રાજ્યમાં વિકલાંગોના કલ્યાણ માટે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) થી (૩) સામેના ઠરાવો અન્વયે સંત સુરદાસ યોજના અમલમાં હતી અને તેમાં વંચાણે લીધેલ ઠરાવોથી સુધારા-વધારા તથા સહાયની રકમોમાં વધારો કરવામાં આવેલ હતો. દરમ્યાન ભારત સરકાર ધ્વારા વિકલાંગોના લાભો માટે સમાન તક, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી પ્રાપ્ત કરવા માટે વિકલાંગ ધારો (સમાન તક, હક્ક રક્ષણ અને સંપૂર્ણ સહયોગ) અધિનિયમ-૧૯૯૫ અમલમાં મૂકેલ છે.

૨/- ભારત સરકાર ધ્વારા તા.૧૨/૨/૨૦૦૯થી ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના અમલમાં મૂકેલ. આ યોજના પ્રમાણે ૧૮ થી ૬૪ વર્ષની વય જુથના ૮૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં નામ ધરાવતા વિકલાંગોને ભારત સરકાર તરફથી રૂ.૨૦૦/- માસિક સહાય ચૂકવવાનું ઠરાવેલ હતું. ઉક્ત સંદર્ભમાં આ અંગે એકસૂત્રતા જળવાય તે હેતુ થી રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના તથા ભારત સરકારની ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજનાને સંકલિત કરીને "ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય અશક્તતા પેન્શન યોજના અને સંત સુરદાસ યોજના" તરીકે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ- (૩) સામેના તા.૩૧/૭/૨૦૦૯ના ઠરાવ ક્ર- અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧ અને પરિપત્ર ક્ર- અપગ/ ૧૦૨૦૦૯/૨૧૬(૧)/છ-૧ થી અમલી બનાવેલ છે.

૩/- તેમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૫) સામે દર્શાવેલ ભારત સરકારના તા.૮/૧૧/૨૦૧૨ના પત્રથી ભારત સરકાર દ્વારા અપાતી સહાયની રકમ રૂ.૨૦૦/- થી વધારીને રૂ.૩૦૦/- કરવામાં આવેલ છે. જે અન્વયે , ઉપર વંચાણે લીધેલ ક્રમ (૬) સામે દર્શાવેલ ઠરાવથી રાજ્ય સરકાર ધ્વારા પણ તેનો અમલ કરવામાં આવેલ છે.

૪/- આમ, ભારત સરકારના ધોરણે રાજ્ય સરકાર ધ્વારા પણ સહાયની રકમ રૂ. ૨૦૦/- થી વધારીને રૂ. ૩૦૦/- કરવા માટે મંજૂરી આપવા માટે નાણા વિભાગ સમક્ષ નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ હતી. જેમાં પુખ્ત વિચારણાને અંતે માંગણી ક્રમાંક- ૯૨ (જનરલ સદર, અંદાજપત્ર પ્રકાશન ૨૪-૧, પાનાનંબર-૧૬૬, જોગવાઈ રૂ.૩૫૩.૭૮ લાખ), માંગણી ક્રમાંક- ૯૫(એસ.સી.સદર, અંદાજપત્ર પ્રકાશન ૨૪-૨, પાનાનંબર-૩૭૬, જોગવાઈ રૂ.૪૯.૨૬ લાખ)અને માંગણી ક્રમાંક- ૯૬(એસ.ટી.સદર, અંદાજપત્ર પ્રકાશન ૨૪-૪, પાનાનંબર-૬૪૭, જોગવાઈ રૂ.૪૮.૮૬ લાખ) હેઠળ સૂચવેલ બજેટ સદર હેઠળ કુલ રૂ.૪૫૧.૯૦ લાખની નવી બાબતની નીચે મુજબની મંજૂરી આપવામાં આવે છે :-

(૧) રાજ્યના ૦ થી ૧૭ વર્ષના લાભાર્થીઓને હાલ રાજ્ય સરકાર ધ્વારા રૂ.૨૦૦/- ની સહાય આપવામાં આવે છે, તે સહાયની રકમમાં રાજ્ય સરકાર ધ્વારા રૂ. ૨૦૦/- નો વધારો કરીને કુલ રકમ રૂ. ૪૦૦/- કરવામાં આવે છે.

(૨) રાજ્યના ૧૮ થી ૭૯ વર્ષના લાભાર્થીઓને હાલ ભારત સરકાર ધ્વારા રૂ.૩૦૦/- ની સહાય આપવામાં આવે છે, અને રાજ્ય સરકાર ધ્વારા રૂ. ૨૦૦/- ની સહાય આપવામાં આવે છે, તેમાં હવે રાજ્ય સરકારની સહાયની રકમમાં રૂ.૧૦૦/-નો વધારો કરીને રૂ.૩૦૦/- કરવામાં આવે છે અને કુલ રકમ રૂ. ૬૦૦/- કરવામાં આવે છે.

૫/- આ મંજૂરી નીચેની શરતોને આધિન રહીને આપવામાં આવે છે :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) ભારત સરકારના ફાળા અન્વયે કરવાની થતી બજેટ જોગવાઈ આપની કચેરીએ અલગ રીતે કરવાની રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૬/૨૦૧૪ અંતિત નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.એસ.મોદી )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) આ શાખાની ફા.ક્ર.- અપગ/૧૦૨૦૧૩/૮૬૭૧૭૧/ન.બા.-૧૩/છ-૧ અને ફા.ક્ર.- અપગ/૧૦૨૦૧૩/૮૬૭૧૫૪/ન.બા.-૧૪/છ-૧

(૧૪) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

------ X ------